# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA

Website :www.spuvvn.edu Phone : 91-02692- 226807


એકેડેમિક વિભાગ

## પરિપત્ર

**વિષય : સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમના (બી.એડ્. અભ્યાસક્રમ સહિત) પ્રવેશ માટે અગત્યની સૂચના**

આથી સર્વે યુનિવર્સિટી સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ તથા વિભાગના વડાશ્રીઓને જણાવવાનું કે ડિપ્લોમા, સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે **GCAS** પોર્ટલ પર વિભાગ-કોલેજના **GCAS** લોગ-ઇનમાં નીચે મુજબના નવા ફોર્મ્સ **Allotment Menu** માં તૈયાર કરવામાં આવ્યા છે, જે માટે વિભાગ-કોલેજે **તારીખ : ૧૯/૦૭/૨૦૨૪થી અન્ય આદેશ ન થાય** ત્યાં સુધી નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

| ક્રમ | ફોર્મ | નોંધ |
|---|---|---|
| ૧ | Edit Applicant Details | વિદ્યાર્થીએ જે વિભાગ-કોલેજમાં પ્રવેશ મેળવ્યો હશે તે વિભાગ-કોલેજ દ્વારા વિદ્યાર્થીના અસલ ડોક્યુમેન્ટ્સની ચકાસણી કરી ફિલ્ડ્સમાં દર્શાવ્યા મુજબની વિગતોમાં જો કોઈ ભૂલ હોય તો સુધારી શકાશે. |
| ૨ | Direct Admission Confirmation | એવા વિદ્યાર્થી કે જેમણે GCAS પોર્ટલ મારફત ઓનલાઈન અરજી કરેલ છે અને વિભાગ-કોલેજ, યુનિવર્સિટીના પ્રવેશના નિયમોને આધિન આવા વિદ્યાર્થીઓને સીધો પ્રવેશ ફાળવવા ઈચ્છતા હોય તો તેવા વિદ્યાર્થીઆને GCAS Application No. દાખલ કરી સીધો પ્રવેશ ફાળવી શકાશે. |
| ૩ | Admission Confirmation (Manual) | એવા વિદ્યાર્થી કે જેમણે GCAS પોર્ટલ મારફત ઓનલાઈન અરજી કરેલ નથી અને વિભાગ-કોલેજ, યુનિવર્સિટીના પ્રવેશના નિયમોને આધિન આવા વિદ્યાર્થીઓને સીધો પ્રવેશ ફાળવવા ઈચ્છતા હોય તો તેવા વિદ્યાર્થીની જરૂરી વિગતો વિભાગ-કોલેજ દ્વારા દાખલ કરી સીધો પ્રવેશ ફાળવી શકાશે. |

નોંધ : ૧. યુનિવર્સિટીના તા. ૧૫/૦૭/૨૦૨૪ના પરિપત્ર નં. ડી/ઈ/૧૦/૨૨૨૯ મુજબ વિભાગ-કોલેજે તા. ૧૬/૦૭/૨૦૨૪ થી તા. ૧૮/૦૭/૨૦૨૪ સુધી જે વિદ્યાર્થીઓને ઓફલાઇન પ્રવેશ ફોર્મથી પ્રવેશ ફાળવેલ છે, તેવા વિદ્યાર્થીઓની માહિતી ફોર્મ નં. ૩ (Admission Confirmation)(Manual) માં જણાવ્યા મુજબ GCAS પોર્ટલ મારફત ઓનલાઈન પ્રવેશ ફાળવવાનો રહેશે.

૨. ઓફલાઇન પ્રવેશ ફોર્મ ફી રૂા. ૩૦૦/- (જે વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ પર ઓનલાઈન ફોર્મ ભરેલ નથી) વિભાગ-કોલેજે વિદ્યાર્થી પાસેથી મેળવી યુનિવર્સિટી/જીકેસ દ્વારા અન્ય સુચના આપવામાં ન આવે ત્યાં સુધી વિભાગ-કોલેજે પોતાની પાસે રાખવાની રહેશે.

નંબરઃ ડી/ઈ/૧૦/ ૨૨૮૨

વલ્લભ વિદ્યાનગર

તારીખઃ

કુલસચિવ

નકલ રવાનાઃ

૧. સર્વે આચાર્યશ્રી/વડાશ્રી, સંલગ્ન કોલેજો/અનુસ્નાતક વિભાગ તરફ

૨. કા. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ ઉપર મુજબની કાર્યવાહી સારૂ.

Academic(Z)/ Central Admission(GCAS)-2024-2025/PG/Paripatra